## નવમા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમા, અમદાવાદ(ગ્રામ્ય)

**C C NO 2688-22**
**આંક:**

ફરીયાદી: સરકાર

વિરુઘ્ઘ
આરોપી: સીતાબેન રમેશભાઈ રાવળ

**-: ઠરાવ:-**

(૧) હાલના કામે આરોપી વિરુઘ્ઘ ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ: ૬૫ એ એ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) આરોપી વિરુઘ્ઘ ના ગુનાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુઘ્ઘ પ્રોસેસની બજવણી થતાં આરોપી તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતાં આરોપીને ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ: ૨૦૭ મુજબની નકલો પુરી પાડવામાં આવેલી.

(૩) ત્યારબાદ હાલના કામે આરોપી વિરુઘ્ઘ તહોમતનામુ ઘડી આરોપીનો તે અનુસંધાને જવાબ નોંધતા આરોપી દવારા તેમના વિરુઘ્ઘના ગુનાની કબુલાત કરવામાં આવેલ છે. વઘુમાં આ અંગે કબુલાત પુરસીસ પણ રજુ કરવામાં આવેલ છે.

(૪) આરોપીની વઘુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, ગરીબી તથા અજ્ઞાનતાના કારણસર હાલનો ગુનો બનવા પામેલ છે. વઘુમાં આરોપીપક્ષે રજુઆત છે કે, તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે વઘુમાં સજા અંગે તેઓ ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે.

(૫) આમ, કેસની હકીકત, આરોપીના આર્થીક તથા સામાજીક પરીસ્થિતિ તથા આરોપી પક્ષે સ્વૈચ્છીક કબુલાત તથા તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા '' **સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ઘ નટવર હરચંદજી ઠાકોર' ના ૨૦૦૫ ક્રીમીનલ લો જર્નલ ૨૯૫૭** પર પ્રસિઘ્ઘ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંતો ઘ્યાને લઈ આરોપીને લઘુતમ સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાય છે, આમ ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત આવે છે.

**-આખરી હુકમ -**

૧) આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રુા. ૨૦૦/- દંડની સજા ફરમાવુ છુ.

૨) હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ની અપીલ સમય વિત્યે નિયમાનુસાર ની કામગીરી કરી નિકાલ કરવો.

ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

આજરોજ અદાલતના સ્પે.સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

તારીખ ૧૨/૩/૨૦૨૨

**હાર્દિક ભરતભાઈ ત્રિવેદી**
નવમા(અઘિક) જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.